

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**પ્રાર્થના...** પ્રભુ પ્રતિ વહેતો પ્રેમ પ્રવાહ છે.

અસ્ખલિત વહેતો બ્રહ્મપ્રવાહ છે
પ્રારંભ ક્ષણ-બેક્ષણ, ઘડી-અર્ધ ઘડીથી થાય
પ્રભુ સાથે સંબંધ દૃઢ થતો જાય... વહેણ સઘન બને
સતત અસ્ખલિત અખંડ એકતાર થઈ જવાય
પ્રભુ સાથે એકતા-અદ્વૈત સ્થપાઈ જાય
પછી પ્રાર્થના જીવન બની જાય.. શ્વાસે શ્વાસે વહે
પ્રભુ મારો... હું પ્રભુનો... તેમાંથી પ્રભુ જ કેવળ... હું ટળી જાય
પોતાને માટે પ્રાર્થના મટી... સર્વને માટે પ્રાર્થના વહે
અનુકંપાથી – સુહૃદભાવથી પ્રાર્થનાનું ઝરણું વહેતું રહે
સૌ સુખી થાય... સૌ પ્રભુનાં થઈને રહે... સૌને પ્રભુસંબંધ થાય
સૌ પ્રભુના ગમતામાં જીવે... સૌનું જીવન પ્રભુમય બને
તેવા શુભ સંકલ્પો સતત પ્રાર્થનામાં અસ્ખલિત વહે
નિત્ય... અખંડ પ્રતિપળ પ્રાર્થના જીવન બની રહે.
સર્વત્ર સર્વમાં પ્રભુદર્શન... વંદન... થઈ રહે.
સર્વમાં પ્રભુ કર્તાહર્તા દેખાઈ જાય... મનાઈ જાય
તે પ્રભુ આ પ્રગટ પ્રત્યક્ષ 'સાહેબજી'માં સ્વીકારાઈ જાય
આ સંબંધવાળાના પ્રેરક તે... સદાકાળ મનાઈ જાય
તે ભાવનો સંપૂર્ણ સ્વીકાર થતાં... દાસત્વે વર્તન થાય
'અક્ષરં અહં પ્રગટ પુરુષોત્તમ સ્વરૂપસ્ય દાસોઽસ્મિ' સિદ્ધ થઈ જાય
રોમ રોમ 'સહજાનંદ' પ્રગટી જાય.. પ્રસરી જાય.

હે દયાળુ પ્રભુ !
આ સહજાવસ્થાનું જીવન... પ્રાર્થનામય જીવન બનાવો
અમ સૌને 'સાહેબજી' સ્વરૂપે એકાકાર કરો
હું ટાળો ! અહં ત્યજી સૌના દાસ બનાવો !
પ્રાર્થના સર્વને માટે... સુહૃદભાવે વહેતી રખાવો !
૨૦૧૮ના વર્ષની વિદાય વેળાએ અમારી પ્રાર્થના ! ◆

ઝવેરી-રક્ષિતા નિવાસ, ચેન્નાઈ... ૧.૧૨.૨૦૧૮





## બ્રહ્મભાવમાં વર્તીએ

સર્વત્ર બ્રહ્મનાં દર્શન
દેહભાવથી પર
અક્ષરભાવે જીવન
પરબ્રહ્મ પ્રકાશી રહે
બ્રહ્મ સર્વત્ર સર્વવ્યાપક
તે સહજ મનાય
તે અનુસારે વર્તન
મૂર્તિરૂપ હલનચલન
'સ્વ' નથી... કેવળ પ્રભુ
સમગ્ર દિવ્ય... પ્રભુનું મંદિર

હે દયાળુ !
સાહેબજી તેવું મંદિર
અમે બનીએ તે તેઓનો સંકલ્પ
તે સંકલ્પને સાકાર કરવા
અમને બળ દો ! શક્તિ દો ! ◆

સેલમ... ૪.૧૨.૨૦૧૮

